ઉત્તર ગુજરાતના શહેરી વિસ્તારોમાં ઓમિક્રોનના આગમનની આશંકા

આગામી ૧૫ દિવસ આરોગ્ય તંત્ર માટે લીટમસ ટેસ્ટ સમાન

બાયડ તા.૧૫

રાજ્યમાં ઓમિક્રોનના કેસ નોંધાયા પછી ઉત્તર ગુજરાતના શહેરી વિસ્તારોમાં ગમે તે ઘડીએ ઓમિક્રોનના આગમનની આશંકા ઉભી થઈ છે. આગામી ૧૫ દિવસ આરોગ્ય તંત્ર માટે લીટમસ ટેસ્ટ સમાન બની રહેશે. જ્યારે મહારાષ્ટ્ર, રાજસ્થાન, દિલ્હીનો પ્રવાસ ખેડીને આવેલા ઉત્તર ગુજરાતના કેટલાંક પ્રવાસીઓ બિમારીમાં પટકાયા છે પરંતુ તે પ્રારંભિક રીતે વાયરલ બિમારી હોવાનું જણાવ્યું છે પરંતુ જે રીતે કોરોનાએ ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં મોતનું તાંડવ રચ્યું હતું તે જોતા પ્રજાની લાપરવાહી ઓમિક્રોનને લાવીને જંપશે તેવું જણાઈ રહ્યું છે.

વર્ષના આરંભથી અંત સુધી કોરોના સૌથી વધુ ચર્ચામાં રહ્યો. ઉત્તર ગુજરાતમાં શુભ મુહુર્તમાં લગ્નના અવસર સંપન્ન થયા. ક્યાંય કોરોનાનું ગ્રહણ નડ્યું નહિ જેથી યજમાનોએ રાહત અનુભવી પરંતુ હવે ધીરે-ધીરે સ્થિતિ વણશે તેવા અહેવાલ છે. ઉત્તર ગુજરાતમાં ફરી એકવાર મહેસાણામાંથી કોરોના સંક્રમિત કેસનો પગપેસારો થયો છે જે સાબરકાંઠા-અરવલ્લીમાં પણ પોઝીટીવ કેસ નોંધાયા છે પરંતુ એકપણ દર્દીમાં કોરોનાના નવા વેરિયન્ટ ઓમિક્રોનના લક્ષણો જણાયા નથી. બીજી તરફ પ્રચાર માધ્યમોએ પણ ઓમિક્રોનનો ભય એટલી હદે હાવી કરી દીધો છે કે પ્રજામાં ઓમિક્રોનના લક્ષણ દેખાય તો મૃત્યુ નિશ્ચિત તેવો ખૌફ હાવી થઈ ગયો છે. આ સંજોગોમાં રાખવી પડતી તકેદારી સહિતના અવેરનેસથી પ્રજાને માહિતગાર કરવા જોઈએ.

અરવલ્લી, સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાના આરોગ્ય કર્મીઓ ૨૧ મહિનાથી કોરોનાના દર્દીઓ માટે ખડે પગે રહ્યા છે અને હવે તેમનામાં પણ નવી ઉર્જાનો સંચાર થાય તે પ્રકારે આરોગ્ય સ્ટાફને ડિપ્રેસનમાંથી બહાર લાવી નવી ઉર્જાનો સંચાર થાય તેવા સેમીનાર કરવાનો સરકાર અને આરોગ્ય વિભાગે વિચારવું જોઈએ. કેટલાંક જાણકાર સુત્રોનું માનીએ તો ઉત્તર ગુજરાતના કેટલાંક વિસ્તારોમાં ઓમિક્રોનના શંકાસ્પદ દર્દીઓના દસ્તક થઈ ગયા છે પરંતુ હજું બહાર આવ્યું નથી અને આવનારા દિવસોમાં ઉત્તર ગુજરાતના કેટલાંક વિસ્તારોમાં કોરોના અંગે મોટો વિસ્ફોટ સામે આવી શકે છે.

જન્મદિને વધામણી

દેવચંદભાઈ પરમાર
બાયડ

જલય સુશિલભાઈ પટેલ
બાયડ

નિમેષ ગોસ્વામી
બાયડ

હિયા વાંરજભાઈ ડામોર
ઇટવા તા.મેઘરજ

ગ્રામ પંચાયતનો ચૂંટણી જંગ : જિલ્લાના શૈક્ષણિક સંકુલોમાં તેની માઠી અસર દેખાઈ

સ્ટાફને ચુંટણી કામગીરીમાં મોકલાતાં માંડ પાટે ચડેલું શિક્ષણ ગોથા ખાવા લાગ્યું

બાયડ તા.૧૫

જિલ્લાની મુદત પૂર્ણ કરતી ગ્રામ પંચાયતોની આગામી રવિવારે ચુંટણી યોજાવાની છે અને તેની માઠી અસર જિલ્લાના શૈક્ષણિક સંકુલો ઉપર જોવા મળી રહી છે. મોટા ભાગની શાળાઓના સ્ટાફને ચુંટણીની કામગીરીમાં મોકલાતાં માંડ પાટે ચડેલું શિક્ષણ ગોથા ખાવા લાગ્યું હોય તેવી સ્થિતિ પેદા થઈ છે. જ્યારે કેટલાંક તાલુકાઓ શાળાના તમામ સ્ટાફને ચુંટણીની કામગીરીમાં નિયુક્તિના ઓર્ડર અપાતાં શાળા બંધ કરવાની નોબત આવી છે જેથી વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય પણ બંધ રાખવાની ફરજ પડશે.

રાજ્યના ૧૦,૫૦૦ થી વધુ ગ્રામપંચાયતોની ચુંટણીનો જંગ બરાબરનો જામ્યો છે. સાબરકાંઠા-અરવલ્લીમાં ગ્રામ્ય વિસ્તારોમાં ચુંટણીના કારણે રાજકારણ ગરમાયું છે. લગ્નના અવસરો પૂરા થયા પછી પ્રચાર કાર્યમાં ઝડપ જોવા મળી છે. રાત્રે પણ ગામડાંઓમાં દિવસ જેવો માહોલ જામ્યો છે. અનેક ગામડાંઓનું યુવાધન દારૂના રવાડે ચડી જાય તેવી દહેશત ઉભી થઈ છે. ચુંટણીની કામગીરીમાં પ્રાથમિક અને માધ્યમિક-ઉ.માધ્યમિક શાળાઓના સ્ટાફને પ્રિસાઈડીંગ, આસી. પ્રિસાઈડીંગ, મહિલા પોલિંગ તરીકે નિયુકત કરી તાલિમોનો દોર શરૂ કરવામાં આવ્યો છે. અનેક શાળાઓમાં સ્ટાફ ઓછો હોવા છતાં મોટા ભાગના સ્ટાફને ચુંટણીની કામગીરીમાં સામેલ કરાયા છે. જેથી શાળાઓમાં ધો.૯ થી ૧૨નું શિક્ષક્કાર્ય કઈ રીતે કરાવવું તેની અસમંજસ ઉભી થઈ છે. જિલ્લાની કેટલીક શાળાઓમાં આચાર્ય, શિક્ષક, સેવક સહિતનો તમામ સ્ટાફ ચુંટણી કામગીરીના ઓર્ડર મળતાં આવી શાળાઓમાં ૪ દિવસ સુધી શિક્ષણકાર્ય બંધ રાખવાની નોબત આવી છે. ચુંટણીના કારણે વિદ્યાર્થીઓનું શૈક્ષણિક ભવિષ્ય જોખમમાં આવ્યું છે.

પ્રાંતિજ ખાતે રાત્રી દરમ્યાન બે દુકાનોનાં તાળાં તુટ્યા

વ્હોરવાડ ભરચક વિસ્તારમાં આવેલ બે દુકાનોના તાળા ટુટયા : પાના, પક્કડ, સહિત ૨૨૫૦૦ની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થતા પોલીસ ફરીયાદ

પ્રાંતિજ તા.૧૫

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના વ્હોરવાડ ભરચક વિસ્તાર મા આવેલ બે દુકાનો ના રાત્રી દરમ્યાન તાળા તોડી પાના, પક્કડ સહિત ૨૨૫૦૦ ની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થયા વેપારીઓ દ્વારા પ્રાંતિજ પોલીસ ને જાણ કરી

પ્રાંતિજ ખાતે ગઈ રાત્રીએ કોઈ અજાણ્યા તસ્કરો દ્વારા પ્રાંતિજ ના વ્હોરવાડ ભરચક વિસ્તાર મા આવેલ સફી કિરાણા તથા સ્ટાર ઈલેક્ટ્રોનિક રીપેરીંગ ની દુકાન ના તાળા તોડયા હતા તો સફી કિરાણા દુકાન નુ તાળુ તોડી દુકાન મા પ્રવેશ કરી દુકાન મા રહેલ સરસામાન વેરવિખેર કર્યો હતો તો દુકાન ના ગલ્લા મા રહેલ ૨૨૫૦૦ રોકડ રકમ ની ચોરી કરી હતી તો સ્ટાર ઈલેક્ટ્રોનિક રીપેરીંગ દુકાન નુ તાળુ તોડી દુકાન માથી પાના,પક્કડ સહિત નો સરસામાન ચોરી કરી લઈ ગયા હતા તો સવારે દુકાન માલિકો દુકાન ખોલવા દુકાન ઉપર આવતા તાળા તૂટેલા જોઈ ચોંકી ગયા હતા અને ચોરી થઈ હોવાનુ જણાતા આ અંગે ની જાણ પ્રાંતિજ ને કરતા પ્રાંતિજ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને આગળ ની તપાસ હાથ ધરવામા આવી હતી.

પ્રાંતિજ યુજીવીસીએલ કંપની દ્વારા 'ઉર્જા બચત સપ્તાહ'ની ઉજવણી અંતર્ગત સ્પર્ધાનું આયોજન

પ્રાંતિજ તા.૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલ્વેસ્ટેશન રોડ ઉપર આવેલ અવરઓન હાઈસ્કુલ ખાતે યુજીવીસીએલ કંપની દ્વારા 'ઉર્જા બચત સપ્તાહ' અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનુ આયોજન કરવામા આવ્યુ હતુ. હિંમતનગર વર્તુળ કચેરી ના સીધા માર્ગદર્શન હેઠળ પ્રાંતિજ મુકામે યુજીવીસીએલ કંપની દ્વારા અવરઓન હાઈસ્કુલ કેમ્પસ મા ચિત્ર સ્પર્ધા તેમજ નિબંધ સ્પર્ધાઓનુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા ૧૭૦ બાળકોએ સ્પર્ધામા ભાગ લીધો હતો વીજ બચત અને સૌર ઉર્જા ને લગતી આ સ્પર્ધા મા પ્રથમ દ્વિતીય અને તૃતીય નંબર વિજેતાઓ બનેલ બાળકો ને અભિનંદન પાઠવ્યા હતા પ્રાંતિજ યુજીવીસીએલ ના નાયબ ઈજનેર એસ.એમ.યાદવે વીજ બચત અને સૌર ઉર્જા અંતર્ગત વિસ્તૃત માહિતી આપી હતી સ્કુલ ના આચાર્ય પરેશભાઈ પરમાર અને રેખાબેન ગુપ્તા ઉપસ્થિત રહ્યા હતા ચિત્ર શિક્ષક નિમેષ સુથાર કાર્યક્રમ નુ સુંદર સહયોગ આપ્યો હતો.

સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગમાં મહિલા કર્મચારીનું મહત્વ

સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગમાં મહિલાઓને ૫૦ ટકા પ્રતિનિધિત્વની તક મળતાં જિલ્લામાં અનેક નામાંકીત ગ્રામ પંચાયતોમાં મહિલાઓનું શાસન પ્રજાને જોવા મળશે તે નક્કી થયું છે. જિલ્લાના ૧૪ તાલુકામાં યોજાનારી ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી માટે ઉમેદવારીપત્ર ભરવા સહિતની કામગીરી પૂર્ણ થયા પછી ચૂંટણી ચિન્હ સાથેના બેલેટ પેપરના છાપકામની કામગીરી ચાલી રહી છે. ચૂંટણીમાં ફરજ બજાવનારા કર્મચારીઓને ૨ દિવસની તાલીમ આપવાની પણ શરૂઆત થઈ છે. મોટાભાગે પ્રા.શાળા અને હાઈસ્કૂલના શિક્ષકોને ચૂંટણીની કામગીરીમાં જોડાતાં શાળાઓમાં શિક્ષણકાર્યને ગંભીર અસર થવાની વાલીઓએ ચિંતા વ્યક્ત કરી પરંતુ રાજ્ય ચૂંટણી આયોગના આદેશના પગલે કર્મચારીઓએ ચૂંટણીમાં ફરજ બજાવવાની હોય છે.

જાડીસેબલ વર્ગ પ્રાથમિક શાળા તા. ખેડબ્રહ્મામાં શ્રીમદ ભગવદ ગીતા એવા જીવન ગ્રંથનો જનમદિવસની ઉજવણી કરવામાં આવી એ નિમિતે શાળાના શિક્ષકો અને આચાર્ય શ્રી કમલેશભાઈ દ્વારા ગીતાના અધ્યાયની સમજ આપી. વિપુલભાઈ દરજી એ ભગવદ્ ગીતા ક્વિઝનું આયોજન કર્યું અને બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

બાયડમાં વાંદરાઓનો આતંક વધતાં પ્રજા પરેશાન

ખોરાકની શોધમાં વાંદરાઓની શહેરી વિસ્તાર તરફ મીટ મંડાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૫

વાંદરા લીલી વનરાજી અને જંગલ વિસ્તારમાં જોવા મળતા હતા તે માન્યતા હવે ભૂતકાળ બનવા તરફ આગળ વધી રહી છે. બાયડમાં છેલ્લા કેટલાય સમયથી વાંદરાઓનો મોટો સમુદાય ઉમટી પડતાં પ્રજા વાંદરાઓના વધી રહેલા આતંકથી પરેશાન બની ગઈ છે. વન વિભાગ દ્વારા પ્રજાને વાંદરાઓના વધતા આતંકથીમાંથી મુક્ત કરાવે તેવી પ્રજા માંગ જોવા મળી રહી છે.

ખોરાક અને પાણીની શોધમાં અનેક વિસ્તારોમાં જંગલી પ્રાણીઓ દૂર દૂર ભટકતા થઈ ગયા છે અને ખાસ કરીને દીપડા તથા વરૂ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં નજરે પડ્યાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં સતત વૃક્ષછેદનની ધમધમતી ગેરકાયદે પ્રવૃત્તિના કારણે વન્ય જીવો પોતાના અસ્તિત્વ માટે રીતસરના જજૂમવા લાગ્યા છે. કેટલાક વન્ય જીવોએ બદલાતી સ્ટ્રેટેજી પ્રમાણે અનુકુલન સાધવાની પહેલ કરવા માંડી છે. બાયડમાં છેલ્લા કેટલાય સમયથી વાંદરાઓનો મોટો સમુદાય જાણે કે કાયમી ઠરીઠામ થવા માટે આવ્યો હોય તેમ વસવાટ કરવા લાગ્યો છે. અંદાજીત ૫૦ થી વધુ વાંદરાઓના સમુદાયે સોસાયટી વિસ્તારોમાં એક મકાન થી બીજા મકાને કુદાકુદમાં અનેક મોંઘીદાટ કારોને નુકસાન પહોંચાડવાની સાથે પ્રજાની અન્ય મિલ્કતોને પણ કુદાકુદમાં નુકસાન પહોંચાડવા લાગતાં હવે વાંદરાઓ પ્રજા માટે ભારે સમસ્યારૂપ બની રહ્યા છે.

ક્યારેક દોડાદોડમાં રસ્તો ઓળંગી વેળાએ વાંદરાઓ વાહન ચાલકો ઉપર ભુસકો મારતા હોવાથી વાહન ચાલકો પણ ગંભીર ઈજાનો ભોગ બન્યાનું જાણવા મળેલ છે. બાયડમાં વન વિભાગ દ્વારા વાંદરાઓને બાયડની બહાર મૂકી આવવા માટેના ઉપાયો અમલમાં મૂકવા જોઈએ તેમ પ્રજા ઈચ્છી રહી છે અન્યથા વાંદરાઓનો મોટો સમુદાય પ્રજામાં મોટો ત્રાસ ફેલાવશે તેવી દહેશત વ્યક્ત કરાઈ રહી છે.

ખેડ ગામે હેલિકોપ્ટર દુર્ઘટનામાં શહીદ થયેલા શહીદોને શ્રદ્ધાંજલિ આપાઈ

ગાંભોઈ, તા.૧૫

તમિલનાડુના કુન્નરમાં સેનાના હેલિકોપ્ટર દુર્ઘટનામાં શહીદ થયેલા દેશના પ્રથમ સી.ડી.એસ.જનરલ બિપિન રાવત તથા તેમના પત્ની સહિત ૧૧ સેનાના અધિકારીઓને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ સોમવારે હિંમતનગર તાલુકાના ખેડ ગામે યોજાયો હતો. તમિલનાડુના કુન્નર નગરમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવત તેમના પત્ની શ્રીમતી મધુલિકા રાવત અને આર્મી ઓફીસર સાથે ૧૪ લોકોને લઈ જઈ રહેલું સેનાનું હેલિકોપ્ટર ક્રેશ થઈ જતા સર્જાયેલી દુર્ઘટનામાં સી.ડી.એસ.જનરલ બિપિન રાવત સહિત હેલિકોપ્ટરમાં સવાર ૧૪ પૈકી ૧૩ લોકોના નિધન થતાં સમગ્ર રાષ્ટ્રમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. ત્યારે ખેડ ગામે યોજાયેલ આ કાર્યક્રમમાં માજી સરપંચ મૂળજીભાઈ બેચરભાઈ પટેલ, હિંમતનગર તાલુકા પંચાયત અધ્યક્ષ હરેશભાઈ શિવુભાઈ પટેલ, ગામના યુવા અગ્રણી પ્રેમજીભાઈ દોલાભાઈ પટેલ, બિપીનભાઈ લવજીભાઈ પટેલ તેમજ ગ્રામજનો દ્વારા મીણબત્તીઓની હરમાળાઓ પ્રગટાવી વીર શહીદોને શ્રાદ્ધ સુમન અર્પણ કર્યા હતા.

પ્રજાને તો હવે કયાં કપડાં પહેરવા તેની વિમાસણ

બાયડના બુટલેગરોએ છેલ્લા એક સપ્તાહથી સફેદ કપડાં પહેરીને લટાર મારતા જોવા મળતાં કેટલાંક સમજુ લોકોમાં આ મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. બુટલેગરો સફેદ કપડાં પહેરતાં હોવાથી પ્રજાને હવે કયા કલરના કપડા પહેરવા તેની વિમાસણ શરૂ થઈ છે. એક બુટલેગરે સફેદ કપડાંમાં સજ્જ બની લારી પાસે સવારથી સાંજ અડિંગા જમાવતાં તેનું પણ આંકલન શરૂ કરાયું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ ટાઉનના હપ્તાખોર ખાખી વર્દીના કારણે શહેરના બુટલેગરો અને દારૂડિયા બેફામ થઈ ગયા છે. અત્યાર સુધી દારૂ ઢીચી વ્યસનીયો બસ સ્ટેશનના વિસ્તારમાં કે દારૂનો વેપલો થતો હોય ત્યાં આળોટતા હતા પરંતુ બુટલેગરોએ હપ્તાખોર પોલિસ માટે નવી સ્કીમ અમલી બનાવી હોય તેમ અમારા ત્યાંથી દારૂ પીનારાઓને પકડવાના નહિ તેવી શરત મૂકી હોય તે રીતે પોલિસ સ્ટેશન આગળ જ દારૂડીયાઓ આળોટતાં હોય છતાં પોલિસ તેમની સામે કાર્યવાહી કરતી નથી. બાયડ પોલિસ સ્ટેશનના મહિલા અધિકારી ભલે એમ સમજતાં હોય કે બાયડમાં સંપૂર્ણ દારૂબંધી છે પરંતુ ચેમ્બરની બહાર આવી તપાસ કરાવેતો કંઈક સ્થિતિ અલગ જ બહાર આવશે અને હવે દારૂના બુટલેગરોએ સફેદ કપડાં પહેરી નેતાઓની પંગતમાં બેસવા માટે એક કદમ આગળ નીકળતાં હોય તેવું હાલ જણાઈ રહ્યું છે.

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

પ્રિ-વાઈબ્રન્ટ ગુજરાત ઈવેન્ટ-૨૦૨૧ અન્વયે હિંમતનગરના સ્વામી નારાયણ મંદિર ખાતે ખેડૂત સંવાદ

બાયડ તા.૧૫

ગુજરાત સરકારના કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા આવતીકાલ તા. ૧૬ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ પ્રી-વાઈબ્રન્ટ ગુજરાત ઈવેન્ટ અંતર્ગત આણંદ ખાતે કૃષિ સેમિનાર અને પ્રદર્શન યોજાનાર છે.

આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી વરચ્યુલી જોડાઈને ખેડૂતોને માર્ગદર્શન આપનાર છે. જેમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ, રાજ્યપાલ શ્રી દેવવ્રત આચાર્ય, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત રાજ્યના અન્ય મંત્રીશ્રીઓ તથા અન્ય મહાનુભવો ઉપસ્થિત રહેશે

કૃષિ વિષયક નવિન ટેકનોલોજીનો સાબરકાંઠાના ધરતીપુત્રોને વિગત મળી રહે તે માટે હિંમતનગરના સ્વામી નારાયણ મંદિર ખાતે તા. ૧૬ ડિસેમ્બર ૨૦૨૧ ગુરૂવારના સવારના ૧૦-૦૦ કલાકે ખેડૂત સંવાદ કાર્યક્રમ યોજાશે. આ ઉપરાંત જિલ્લાની તમામ ગ્રામ પંચાયતોમાં જીવંત પ્રસારણ નિહાળવાની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં ખેડૂતમિત્રોને મોટી સંખ્યામાં લાભ લેવા જિલ્લા વહિવટીતંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.